## નિબંધ

# મારું ગામ, મારી વાત | -અઝીઝ ટંકારવી

**પં**થકમાં અમારું ગામ સૌથી મોટું; નાના હતા ત્યારથી જ એ વાતે ખૂબ પોરસાઈએ. કેવળ ભૌતિક રીતે મોટું નહીં, આગતા-સ્વાગતા, આવભગતની દરિયાદિલીને લઈ પંથકમાં આજેય વખાણાય છે. આમ તો ગામની સીમની જમીન એટલી ટાંચી કે ઘર દીઠ માંડ બે-પાંચ વીંઘાં ભાગ આવે. પણ તન-મનથી મહેનત, ભણતર પર પહેલેથી ધ્યાન; નાના-મોટા ધંધાધાપા,ને પછી તો એમાં વિદેશની કમાઈ ઉમેરાતાં આજે બે પાંદડે થયું એમ કહી શકાય.

મારા ગામનું નામ ટંકારીઆ, ભરૂચ જિલ્લાના ભરૂચ તાલુકાનું વસ્તીની દ્રષ્ટિએ સૌથી મોટું ગામ. એનું જૂનું નામ મુસ્તફાબાદ હોવાનું કહેવાય છે, પણ એના કોઈ દસ્તાવેજી પુરાવાઓ તો વડીલોય ઉપલબ્ધ કરાવી શકતા નથી. હા, ગામના એક વડીલ આદમ ઈસ્માઈલ તેમની ઘોડીવાલા અટકને બદલે નામ સાથે મુસ્તુફાબાદી જ લખતા. ટંકારીઆ હાઈસ્કૂલના તેઓ પ્રથમ પ્રમુખ. તેઓએ આફ્રિકા વસવાટ દરમ્યાન એક સામયિક પણ શરૂ કર્યાનું આછું સ્મરણ છે. આજેય એમના કુટુંબીજનોની અટક તરીકે મુસ્તુફાબાદી ચાલુ છે.

મોટા ભાગનું ગામ ટેકરી પર વસેલું છે. ગામની વચોવચ એહમદશા બાદશાહના સમયમાં (૬૦૦-૭૦૦ વર્ષ પહેલાં) બંધાએલી જામા મસ્જિદ તો વળી સૌથી વધુ ઊંચાઈ પર; જેના મિનારાને લઈ આજેય ઐતિહાસિક આકર્ષણનું કેન્દ્ર છે.

ગામની ચારે તરફ સુફી-સંતોની દરગાહો આવેલી છે. નાના હતા ત્યારે અમને મિત્રોને બે વસવસા ભારે. એક એ કે, તાલુકામાં સૌથી મોટું ગામ છતાં રેલવે આપણા ગામ પાસેથી કેમ ન નંખાઈ ! ગામથી આઠ-દસ કિ.મી. દૂર વરેડિયા, પાલેજ જેવા ગામે રેલવે સ્ટેશનો. ત્યાં ચાલતા જઈએ અથવા ગામથી નિયમિત જતી ઘોડાગાડીઓમાં. અમારાથી ઉંમરમાં મોટા દોસ્તારો આંબલીની કાતરી કે ચણીબોરનો ખટમીઠો સ્વાદ માણતાં દલીલ કરેઃ ગામ પાસેથી રેલવે એટલે ન નખાઈ કે, આ સુફી-સંતો (દરગાહો)ને ખલેલ ન પહોંચે. પણ એ તો એમણેય અન્યથી સાંભળેલું. બીજો વસવસો ગામ નદી વિહાણું તેનો. ઠેઠ ભરૂચ જઈએ ત્યારે નર્મદા નદીના દર્શન થાય. કલાકો સુધી કિનારે બેઠો છું; એટલું જ નહીં શાળાના પ્રવાસ વેળા મિત્રો સાથે છબછબિયાંય કર્યાં છે.

પ્રાથમિક શાળામાં દાખલ થયો આઝાદી પછીના બે વરસે. જ્યારે સ્વાતંત્ર્ય દિન કે પ્રજાસત્તાક દિવસની ઉજવણી થાય ત્યારે કાર્યક્રમની સાથે લાડુ પણ વહેંચાય. અમને કાર્યક્રમ થઈ ગયા પછી છેલ્લે વહેંચાતા લાડુનુંય આકર્ષણ ભારે.

શાળાના શિક્ષકો તથા વડીલો તરફથી જાણવા મળેલું કે, ગામના બે જણ આઝાદીની લડતમાં ગાંધીજી સાથે હતા. એમાંના એક તે મારા મહોલ્લાના મહાત્મા કબીર. જેમને ‘મહાત્મા’નો ખિતાબ ખુદ ગાંધીજીએ આપેલો. ને બીજા (મારા સાઢુભાઈ) મુસા ઈસા કેપ્ટન. જેમણે આઝાદી માટેની ટુકડીની આગેવાની લીધેલી એટલે ‘કેપ્ટન’નો ઈલકાબ મળેલો. આ બંને સ્વાતંત્ર્ય સૈનિકોમાંના એક ‘કેપ્નન’ને તો અંગ્રેજોએ સાતેક મહિના નાગપુરની જેલમાં નાંખેલા. આઝાદી પછી બે-અઢી દાયકા સુધી જીવેલા બંને સ્વાતંત્ર્ય સૈનિકોમાંથી એકે પણ સ્વાતંત્ર્ય સેનાની પેન્શન માટે અરજી સુધ્ધાં નહીં કરેલી. બંનેની આર્થિક હાલત એટલી બધી સારી ન હોવા છતાં.

ગામનો મુખ્ય આધાર ખેતીવાડી. અગાઉ કહ્યું તેમ જમીન ઓછી. લોકો મહેનત કરી બે છેડા ભેગા કરે. પૈસા પાત્ર લોકોની સંખ્યા તો આંગળીએ ગણીએ એટલી જ. છતાં રિવાજોની જળો એવી ચોંટેલી કે માંડ પેટિયું રળનાર પણ ઘરમાં શાદી-કારજનો સારો-માઠો પ્રસંગ આવે ત્યારે પાડાની કાંધ જેવું એકાદ વીંઘું ખેતર વેચી નાંખે અથવા તો ઘરની સ્ત્રીના સોનાના દાગીના ગીરવે કે વેચીને જમણવાર, બેન્ડ વાજા, કવ્વાલી જેવા જલસા કરે.

ગામમાં સંપ ભારે. મોટા ભાગના વડીલોનું ભણતર તો સાત ચોપડી સુધીનું. કોઈક ખમતીધર કુટુંબો જ તેમના સંતાનોને દસ કિ.મી. પાલેજ કે ૨૦ કિ.મી. ભરૂચની હાઈસ્કૂલમાં ભણવા મોકલે. પણ વડીલોની

કોઠાસૂઝ ભારે. આઝાદીના ચાર-પાંચ વરસમાં જ ગામમાં હાઈસ્કૂલ શરૂ કરી. પિતાજી કહેતા કે, ગામમાં અંગ્રેજી શિક્ષણ ન જોઈએ એવો વિરોધ થયેલો. પણ શાણા વડીલો, ઉત્સાહી યુવાનો આગળ વિરોધીઓનો ગણગણાટ શમી ગયો. એ માટે મહેનત કરનારા ત્રણ યુવાનોમાંથી બે ૭૦-૮૦ની વય વચ્ચે સફર કરે છે. એક ઈસ્માઈલ સાહેબ ઘોડીવાલા આ દુનિયાથી વિદાય થયા. જેમને ગામ લોકો તેમની સુફી તબિયતને કારણે 'બાપુ સાહેબ'ના હુલામણા નામે બોલાવતા હતા. બીજા બેમાં એક મહાત્મા કબીરના પૌત્ર ઈબ્રાહીમભાઈ કબીર કે જેઓ આપણા લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર મોહમ્મદ માંકડના સહાધ્યાયી તેમજ મિત્ર છે. તેઓ શિક્ષક તરીકે વરસો સુધી આફ્રિકા ને અત્યારે યુ.કે.માં સ્થાયી થયા છે. ત્રીજા ખમતીધર મા-બાપના પુત્ર મસ્તાન શેઠ બંગલાવાલા. એમ એસ યુનિ.ના ગ્રેજ્યુએટ. 'મસ્તાન ચાચા'એ ટંકારીઆ હાઈસ્કૂલમાં થોડોક સમય શિક્ષક તરીકે ને પછી ચેરમેન તરીકે સેવા આપી. તેઓ પણ વરસોથી કુટુંબ સાથે લંડનમાં સ્થાયી થયા છે.

૧૯૫૮માં હાઈસ્કૂલમાં આઠમાં ધોરણમાં દાખલ થયો ત્યારે શાળા જુદા જુદા ભાડાના મકાનોમાં બેસે. અત્યારે શાળાનું પોતાનું મકાન છે; ગામની પ્રગતિ માટે ઉત્સાહી એવા ઈબ્રાહીમભાઈ નાથલીઆ, ઈબ્રાહીમભાઈ જનાબ તથા વાય.બી.ભૂતાવાલાએ વતન પ્રેમી વિદેશી મિત્રોની મદદથી એ કામ પાર પાડયું.

શાળાએ જવાનો ઉત્સાહ ભારે. વડીલોની ભાષામાં કહું તો અમારે હવે ગોટ પીટ (અંગ્રેજી)પણ શીખવાનું હતું. ત્યારે અંગ્રેજી આઠમાં ધોરણથી હતું. હાઈસ્કૂલમાં પ્રવેશતાં જ અમારા દીદાર, વર્તણૂક પણ બદલાવા માંડી. શાળાએ જવા હવે દફતરના લબાચાને બદલે હાથમાં વિષયવાર થોડાંક પુસ્તકો-નોટો. બીજો એક ફેરફાર તે ઈજાર-ખમીસના પહેરવેશને બદલે શાળા યુનિફોર્મના ખાખી પેન્ટ અને સફેદ ખમીશ-બુશર્ટ ચઢાવાયાં. માથે ટોપી તો ખરી જ. ૯૫ ટકા મુસ્લિમ ગામમાં ત્યારે કોઈ છોકરાની મજાલ નહીં કે, માથે ટોપી મૂકયા વગર સ્કૂલે પણ જઈ શકે. કોઈ મારપીટ નહીં; પણ ઘરના-ગામના વડીલોનો ઠપકો એવો કે કોઈ ઊઘાડે માથે ફરવાની હિંમત ભાગ્યેજ કરે. છતાં અમે ઘણા ખરા મિત્રો યુક્તિ કરતા. ઘરેથી ટોપી મૂકી નીકળીએ,ને હાઈસ્કૂલે પહોંચી માથેથી ઊતારી બેંચ પર પુસ્તકો ભેગી મૂકી દઈએ. નવમામાં આવ્યા ત્યાં સુધીમાં તો પેલી ટોપીને અમે તિલાંજલિ આપી દીધેલી. છતાં થોડાક વિદ્યાર્થીઓ એવા ખરા જે વર્ગમાં ટોપી ઊતાર્યા વગર જ ભણે.

ત્યારે ટયુશનની બદી ન હતી. અમે જાતે મોડી રાત સુધી ફાનસના અજવાળે વાંચીએ. જરૂર પડે શિક્ષકોને ઘેર પૂછવા જઈએ. તેઓ બરાબર માર્ગદર્શન આપે.

ઈ.સ.૧૯૫૮માં આઠમાં ધોરણના અમારા ૩૫ વિદ્યાર્થીઓના વર્ગમાં ફક્ત ચાર છોકરીઓ. આવી પાંખી સંખ્યાથી ગામમાં કન્યા કેળવણીની શરૂઆત થએલી. અત્યારે તો ઉચ્ચતર માધ્યમિક થઈ ૪૫૦ જેટલી કન્યાઓ ગામની હાઈસ્કૂલમાં કેળવણી લઈ રહી છે. પ્રાથમિક કન્યાશાળામાં તો ખરીજ.

ગામના રસ્તા ધૂળિયા. ચોમાસામાં તો કાદવને લઈ જોડા પહેર્યા વગર ફરવું પડે. પાદરમાં પાણી ભરાય, બહારથી આવનારે ગામમાં પ્રવેશવું હોય ને તરતાં ન આવડે તો ડૂબી જ જાય. પણ ગામના તરવૈયા એવા યુવાનો એ વેળા સેવા માટે ખડે પગે હાજર. પાદરના તળાવ કિનારેના ઘટાદાર વડ સાથે જાડા દોરડાનો એક છેડો મજબૂતીથી બાંધે; ને બીજો ગામ કૂવા પાસેના મજબૂત પીલર સાથે. પછી તેઓ જાતે સામે છેડે જઈ ગામના કે બહાર ગામથી આવેલા લોકોને દોરડું પકડાવી ગામમાં પ્રવેશ કરાવે. ખૂબ વરસાદ પડે એટલે શાળામાંથી છૂટ્ટી મળતાં જ અમે મિત્રો આ દૃશ્ય જોવા કલાકો સુધી પાદરમા બેસી રહીએ.

તળાવ ખૂબ મોટું. પણ તરવાનું શીખવા માટે એમાં ભૂલેચૂકે પડીએ તો મર્યા, એટલે ગામની હાસમ પીરની દરગાહની તલાવડીમાં તરવાના પાઠ મોટા દોસ્તારો, ભાઈઓના માર્ગદર્શન નીચે અમે શીખેલા. જો કે પિતાજી; મા ને તો એય મંજૂર નહીં. છતાં ચોરી છૂપીથી તરવાનું શીખીએ. ઘરે જઈએ ત્યારે પિતાજી પૂછેઃ તળાવમાં નહાવા પડયો'તો ? જવાબ 'ના' જ હોય; પણ એમની કસોટી ચાલુ. પહેરણની બાંય ઊંચી ચઢાવડાવે, પછી એક આંગળીનો નખ ચામડી પર હળવેથી ખેંચે. જો ચામડી પર સફેદ લીટી ખેંચાય તો નહાવા નથી પડયાનું અમારું જુઠ્ઠાણું પકડાઈ જાય; વઢ પડે. ફરી નહાવા ન જવા તાકીદ કરે. એવું જ ચોમાસામાં થતાં જાંબુ પાડવા જાંબુડા પર ન ચઢીએ તેવી શીખામણ આપે જ. પણ અમે માનીએ તો ને ! જાંબુ, આંબલી,ને કેરીની સીઝનમાં તો ગામની છેવાડાની આંબાવાડીમાંથી ટોપરા જેવા આંબાના મરવા; સાચવનારની મણ મણની સાંભળીને પણ કાંટાની વાડ કૂદીને લઈ આવીએ ત્યારે જ જંપીએ. આંબા

સાચવનાર લાકડી લઈને આવે તે પહેલાં પોબારા ગણવામાં ઘણીવાર ઊઘાડા પગોમાં કાંટા પણ ભોંકાયા છે, પણ એ વેદના ટોપરા જેવો મરવો વાટેલા નમક-જીરા સાથે ખાતાં ભૂલી જઈએ. એવું જ કાકડીની સિઝનમાં ગમે તેના ખેતરમાંથી ખાવા જોગી કાકડી તોડીએ. ખેતર માલિક ગુસ્સાવાળો હોય તો એલફેલ સંભળાવે પણ ખરો.

લગભગ એંસીના દાયકા સુધી ગામડાઓમાં મનોરંજન માટે સગવડો હતી જ ક્યાં ? હા, દરેક પોતાની રીતે મનોરંજનનો માર્ગ કાઢી લે. મારા ગામે પ્રજાસત્તાક પર્વે નાટકો; ગીત, દાંડિયા રાસ, કવ્વાલી જેવો સાંસ્કૃતિક કાર્યક્રમ મોટા પાયા પર થાય. મેં પણ નાટકોમાં ભાગ લીધેલો. આજુબાજુના ગામોના લોકોય જોવા આવે. નજીવી કિંમતની ટિકિટ ખરી. એ બહાને હાઈસ્કૂલને થોડુંક ભંડોળ મળે. એ સિવાય ગામ તેમજ આસપાસના વિસ્તારની દરગાહો પર મેળા ભરાય. ગામથી પાંચ-છ કિ.મી. દૂર પીર બાવારુસ્તમનો મેળો ભરાય ત્યારે નાનપણમાં તો અમારા ખેતરમાં કામ કરતો; ઘરનો સભ્ય; એવા ગોરધનના ખભે ચડીને મેળો મહાલ્યો છું. આદિવાસી-મુસ્લિમ મહેનતકશો મળીને ભવાઈના વેશ પણ કાઢે. એ જોવા રાતે અમે પહોંચી જઈએ પાદરમાં. પેટ્રોમેક્ષના પ્રકાશમાં જાતભાતના વેશ કાઢે, ગાય પણ ખરા. એક કડી હજીય હૈયે કોતરાએલી છે.

**જસમા માટી થોડી રે ઉપાડ...**
**કાચી રે કાયાને ઝોલો લાગશે..**

આદિવાસી મહોલ્લાઓમાં ભજન હોય એટલે અમે મિત્રો દોડતાક ત્યાં હાજર. જો કે ખરી મજા તો અમારા સો ટકા મુસ્લિમ મહોલ્લામાં રહેતા ભેરુ વિઠ્ઠલ વસાવાના ત્યાં મોડી રાત સુધી ઊભું ભજન થાય ત્યારે ઠેઠ સુધી જાગીએ. ગામ-પરગામથી આવનારાઓની આવભગત કરવામાં અમે મિત્રો વિઠ્ઠલને ખાસ મદદ કરીએ.

ગામની મુખ્ય વસ્તી મુસ્લિમોની; પણ ખેતીમાં કામ કરતા આદિવાસીઓ, વાળંદ સમાજ, સફાઈ કરનાર વાલ્મિકી સમાજ, રોહિત સમાજ, દરજી; સુથારી-લુહારી કામ જાણતા લોકો આજેય સાકરની જેમ ગામ સાથે ભળી ગએલા છે.

ત્યારે વાળ કાપવા એક હાથમાં બેગ અને બીજા હાથે બીડી ફૂંકતા છોટુ મામાને મહોલ્લાના નાકે જોઉં એટલે રફુચક્કર થઈ જાઉં. છતાં પિતાજી-મા; દોસ્તારોને કહી શોધી કાઢે. દબાતે પગલે ઘરમાં પ્રવેશતાં રડવાનો ઢોંગ કરતાં કહું કે; મારે ટકલું નથી કરાવવું; ત્યારે મા-પિતાજીની હાજરીમાં છોટુમામા આંખો કરડાકી કરતાં કહેઃ કાલુ ના બન, બેસી જા છાનો માનો. ને ડાબા હાથે માથું પકડી, જમણા હાથમાંના મશીનથી છોટુમામા વાળનો સફાયો કરી દે.

એનાથી ઉલટું દરજી ઈચ્છાકાકાને ત્યાં નવાં કપડાં સીવડાવવા દોડતો પહોંચી જાઉં. ત્યારે નાડાવાળો લેંઘો અને ખમીસ પહેરવાનો રિવાજ. પાટલુન તો છેક હાઈસ્કૂલમાં આવ્યો ત્યારે યુનિફોર્મ થતાં પહેરવા મળ્યું. ઈચ્છાકાકા ચશ્મો ચઢાવી ઉપરથી નીચે આંખો ફેરવીને જ માપ લે. અમે માપનું કહીએ તો કહેઃ જા, સિલાઈ થાય ત્યારે જોઈ લેજેને ! એમનો ખુશહાલ મૂડ જોઈ ખાલી થએલા દોરાની ભૂંગળી માંગુ. હોય તો તરત સંચાનું ખાનું ખેંચીને કાઢી આપે. તેઓ મારા જેવા છોકરાઓ માટે ખાલી ભૂંગળીઓ ખાસ સાચવી રાખે. એની આગળ પાતળો કાગળ કે સફેદ જાળું ચોંટાડી અમે વગાડીએ.

ૠતુએ ૠતુએ અમારી રમતો બદલાય. ચોમાસામાં કોચમણી, પૈસા હોય તો પતંગ-દોરી લાવી ગામ બહાર જઈ પતંગ ચગાવીએ અથવા ફળિયાના જ પતંગ શોખીન ઈસાકાકાની અગાસીએ જઈ એમની ફીરકી પકડીએ. તેઓ અમને ય ઉડાડવાની તક આપે ખરા. ઉનાળામાં અજવાળી (ચંદ્રમાની) રાતે ચૂલાની સફેદ ધૂળ લઈ આડા પાટા દોરી મોડી રાત સુધી ગામ બહારના મેદાનમાં અચૂક રમીએ.

ગીલ્લીદંડો, ખો, કબડ્ડી; ક્રિકેટ; ઉપરાંત લખોટીએ; મકાઈના ડોડા ખવાયા પછીના ભાગથીય રમીએ, ફૂટી ગયેલા બેડાના સાત કટકા એક પર એક મૂકી અમુક અંતરથી તાકીએ. ને રંગતમાં હોઈએ તો અત્યારના રૂપિયા જેવા આકારનો તાંબાનો એક પૈસો હથેળીમાં ઊંધો મૂકી સાલ પારખવાનુંય રમી લઈએ. સામેવાળો ખરી સાલ કહી દે તો પૈસો જાય, અને ખોટું પડે તો એક પૈસો જીતી જઈએ.

નાની ઉંમરે તો કાદવમાંથી રેડિયો, બેટ, ગાડું, દાંતરડુ, પાવડો જેવાં રમકડાં બનાવીએ. ગુજરાતી શાળાને અડોઅડ કુંભારણ જીવીકાકીનું ઘર. ચાકડો ચાલતો જાય ને જીવીકાકીની આંગળીઓ- અંગૂઠો ઘડો-ગાગર ઊતારતાં જાય તે જોયેલું; જે પેલાં રમકડા બનાવવામાં મદદરૂપ થતું.

અમારા કાનમ વિસ્તારમાં કપાસની પેદાશ મુખ્ય. ઘેર, મહોલ્લામાં વડીલો સાથે અમેય કાલાં ફોલીએ. વડીલો ગજરા-મારુ જેવી જાત-ભાતની વાર્તાઓ માંડે. ને છેલ્લે સીંગ-ખજૂર ખાવા બે પૈસાય વાપરવા

આપે એટલે રાજીના રેડ થઈ જઈએ.

કપાસનાં ગાડાં ભરાય ત્યારે એને જોખવાની કામગીરી જોવાનીય એક મજા હતી. તોલનારા ગાંસડીઓની ગણતરી કરતા તેની ગૂંજ કાનોને રમૂજ પમાડે. એક થઈ એકોને, બે થઈ બેયોને...ત્રીજી દાડમ....! આમ સતત રટણ કરતા જાય.

સિઝનમાં જોડા-ટોપી લેવા કપાસ ભરેલા ગાડા પર સવાર થઈને પાલેજ જઈએ. પાલેજમાં કપાસના છ-સાત જીનો. હવે બે-ત્રણ બચ્યા છે. ગાડું હાંકનાર મીઠી હલકે ગાન છેડે. રસ્તામાં પાણીની પરબ આવે ત્યાં માટલાનું ઠંડુ પાણી પીએ, ને ગાડામાંથી ખેંચી થોડોક કપાસ પરબવારી બાઈને આપે. આ પ્રથા પંથકમાં મેં ઠેરઠેર જોયેલી.

રમઝાન મહિનો એટલે ઉપવાસનો મહિનો. અમે મોડી રાત સુધી જાગીએ, મસ્તી-તોફાન કરીએ. કેરમ કે વ્યાપાર રમીએ. વ્યાપાર રમતાં જ તો મુંબઈના વરલી, વરસોવા, માટુંગા જેવાં પરાંઓના નામ મોંઢે થઈ ગએલાં. નાની ઉંમરના બાળકો પર રોઝા (ઉપવાસ) ફરજ નહીં; છતાં અમે જીદ કરી રોજો રાખીએ. દરેકના મા-બાપ અડધો દિવસનો રોજો રાખવા કહે. કારણ કે રોજામાં પાણી સુધ્ધાં પી ન શકાય. નાના હતા ત્યારે તરસ ન વેઠાતાં કોઈ વખતે રોજો તોડીય નાંખીએ. રમજાનમાં સૂર્યાસ્ત થતાં જ રોજો (ઉપવાસ) છોડવા માટે મસ્જિદના મિનારા પર ચઢી બાંગી નગારું વગાડે એટલે સૌ ઉપવાસ છોડે. અત્યારે તો ગામમાં જુદી જુદી ત્રણેક મસ્જિદોએ સાઈરન વસાવ્યાં છે.

રમજાનમાં રાત્રે જમી શકાય, પાણી પી શકાય. એટલે રાત્રે જમવાનું બનાવવા; જમવા માટે ઊઠાડવા નાની ઢોલકી લઈ અબ્દાલ જીણુમામા આખા ગામમાં ફરે. તેઓ સુફીયાના કલામ ગાતા જાય; લયબધ્ધ રીતે ઢોલકી વગાડતા જાય. થોડાક ફકીરો પણ વારા ફરતી પોતાના અંદાજમાં ગાતા ગાતા શેરીએ શેરીએ ફરે. આ રિવાજ આજેય ચાલુ છે. ફકીરોના ગાનમાં ચીમન નામના એક ફકીરનું મીઠી હલકે ગવાએલું ખ્યાત ગાન હજીય યાદ છે.

**ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ,**
**અબ રૈન કહાં જો સોવત હૈ;**
**જો સોવત હૈ વો ખોવત હૈ.**

ઈદની મજા જ ઓર. સેવવાળા દૂધમાં ચારોળી, કોપરું, ઈલાયચી, ખસખસ, દરાક વગેરે નાખેલું હોય. જે પીને નવા કપડાં પહેરી સીધા નમાઝ પઢવા મસ્જિદે પહોંચીએ. હવે ઈદની નમાઝ ઈદગાહમાં થાય છે.

ગામના પાદરમાં દસ-બાર ઘોડીગાડીઓ હોય. જેમાં બેસી છ-આઠ આનામાં વરેડિયા સ્ટેશને પહોંચાય. એમાં અમને કોઈ વાર વડીલો સાથે બેસવાનું મળે તો દિવસો સુધી એની વાતો કરીએ. ગામમાં બે પાદર. બંને જગાએ ગામ કૂવા. ડોલ-દોરડું લઈને સ્ત્રીઓ પીવાનું પાણી ભરવા વહેલી સવારથી જ પહોંચી જાય. ગરગડીઓનો તાલબધ્ધ અવાજ હવે ક્યાં ? માથે બે-બે બેંડા અધ્ધર મૂકીને બહેનોને પીવાનું-વાપરવાનું પાણી ભરતાં વરસો સુધી જોઈ છે. ગામની એકમાત્ર વાડીએ બે બળદ જોડીને સોદાગર મહમદમામા કૂવામાંથી કોશથી પાણી ખેંચાતાં; છેડે પહોંચે ત્યારે 'આવે ખરા....' બોલતા તે પડઘા કાનમાં હજીય ગૂંજે છે. જોગાનુજોગ એ કૂવો ગામના મારા હાલના મકાનના પાછળના ભાગે સાક્ષી તરીકે મૌજુદ છે. હવે તો એમાંથી મોટરથી પાણી ખેંચીને ખેતરોમાં અપાય છે.

ગામમાં વરસોથી જિ. પંચાયતનું દવાખાનું કુમાર શાળા (હવે તો દવાખાનાનું પોતાનું મકાન છે. પણ કોઈ વાર દવા તો કોઈ વાર ડોકટરના ઠેકાણા નથી) પાસે. આજુબાજુના દસ-બાર ગામના લોકો બળદ-ગાડાં, સાઈકલ; ઘોડાગાડી લઈને કે પગપાળા દવા લેવા આવે. લાલ-લીલું, પીળું પ્રવાહી દવાની મોટી બોટલોમાંથી દર્દીઓને તેમની શીશીઓમાં અપાય. સાથે દવાની પડીકીઓ. ત્યારે ટેબ્લેટો ન હતી. નવસારી તરફના ડો.જી.એસ.શુકલની દર્દીઓ પ્રત્યેની હમદર્દી-નિદાન એવું કે દવાખાનું ઝાઝા દર્દીઓથી ઊભરાયેલું રહે. પણ ત્યારે રોગ માઝા મૂકે એવા નહીં. બહુ બહુ તો શરદી, સળેખમ, તાવ-કળતર, પેટ કે માથું દુઃખે. આજના મોટા રોગોના તો નામ સુધ્ધાં સાંભળેલાં નહીં. એ બ્રાહમણ ડોકટર નિવૃત્ત થયા પછીય કુટુંબ સાથે ટંકારીઆમાં વરસો સુધી રહેલા.

તે વેળાનું પાંચ-છ હજારની વસ્તીનું ગામ આજે ૧૩-૧૪ હજાર પર પહોંચતાં આજુબાજુના

ખેતરોમાં ઘરો બંધાવા સુધી વિસ્તર્યું ચૂક્યું છે. લગભગ ઘેર ઘેર ટેલિફોન, પાણીના નળ, લાઈટ, ટીવી, આવી ગયા છે. સાથે કેવળ બદળગાડાને બદલે બસો, ટેમ્પા, રીક્ષાઓ, બાઈક, કારોની લકઝરી ભોગવી રહ્યું છે. ફકત આર્થિક રીતે નહીં પણ શૈક્ષણિક-બૌધિક સ્તરેય ગામ ઘણું સમૃધ્ધ થયું છે. એટલેજ તો અદમ ટંકારવી; મહેક; આ લખનાર; ઝાકીર; ઈકબાલ ઉઘરાદાર જેવા શાયરો-સાહિત્યકારો; ડોકટરો, ફાર્મસીસ્ટો, પ્રોફેસરો, વકીલો, શિક્ષકો, એન્જિનિયરો આપ્યા, આપી રહ્યું છે. ગામની પ્રગતિમાં વિદેશ જઈ વસેલા વહાલા વતનને ચાહતા લોકોનું દાન, પ્રેમ પણ ભારોભાર છલકી રહ્યો છે; એ કાનની બૂટ પકડીને કબૂલવું રહ્યું. આ બધું છતાં નવા જમાનાની હવાએ; ઈર્ષ્યાને લઈ એના એકતા ભર્યા ચહેરા પર થોડીક કાલીમા પોતી છે. તેનો ઈલાજ સૌ સાથે મળીને કરે તો ગામને ચાર ચાંદ લાગી જાય એ નક્કી.

★

સરનામુ:
**અઝીઝ ટંકારવી**
એ/૨૦, બાગે નવાબ ફ્લેટ્સ,
શાહઆલમ, અમદાવાદ, ૩૮૦૦૨૮